# ૭, સપ્ટેમ્બર–૨૦૧૫ (સોમવાર)

**(૧) સ્વદેશી જ્ઞાન દિવસ**

**(૨) કેન્દ્ર દ્વારા વન રેન્ક વન પેન્શન (OROP) યોજનાનો સ્વિકાર**

– તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા માજી સૈનિકો માટેની વન રેન્ક વન પેન્શન યોજનાનો સ્વિકાર કરી અમલ કરવાની જાહેરાત કરી.

– યોજનાનો અલમ ૧ લી જુલાઇ ૨૦૧૪થી કરવામાં આવશે.

– એરિયર્સની ચૂકવણી ૪–૬ માસિક હપ્તામાં કરાશે. તેમજ શહિદોની વિધવા સહિત બધી વિધવાઓને એરિયર્સની રકમ એક સાથે ચૂકવવામાં આવશે.

– પેન્શનમાં દર પાંચ વર્ષે સુધારો કરવામાં આવશે.

– વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્ત) લેનારા જવાનોને પણ આ યોજનાનો લાભ મળશે.

– હવે, એક જ પદ પરથી અને સર્વિસના સરખા વર્ષો પુરા થતાં નિવૃત્ત થયેલા સૈનિકોને એક સમાન પેન્શન મળશે.

– **શું છે વન રેન્ક વન પેન્શન યોજના ?**

– લશકરી અધિકારીઓ નિવૃત્ત થાય પછી તેમને પેન્શન મળે. પરંતુ, હાલની પરિસથિતી એવી છે કે થોડા વર્ષ પહેલા નિવૃત્ત થયેલા ઉચ અધિકારી કરતાં હમણાં જ નિવૃત્ત થયેલા સૈનિકને વધારે પેન્શન મળે છે.

– એટલે કે લશ્કરમાં એક સરખી કારકીર્દિ હોય, સમાન ફરજ બજાવી હોય અને સમાન રેન્ક પર કામ કર્યું હોય તો પણ નિવૃત્તી અલગ અલગ સમયે આવવાન કારણે પેન્શની રકમમાં તફાવત આવે છે.

– એટલે નિવૃત કર્મચારીઓની એક જ ડિમાન્ડ હતી કે એક સમાન રેન્ક ધરાવતા અધિકારી ગમે ત્યારે નિવૃત્ત થાય તેમને પેન્શનતો સરખું જ મળવું જોઇએ પછી પગાર ભલે જ તે સમયના ધારા ધોરણ મુજબ મળ્યો હતો.

– યોજના સ્વિકારની જાહેરાત સંરક્ષણમંત્રી મનોહર પારીકરે કરી હતી.

**(૩) શેનો વોટસન : ઓસ્ટ્રેલિયન ક્રિકેટર :**

– તાજેતરમાં ઓસ્ટ્રેલિયન ક્રિકેટર શેન વોટ્સને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃતી જાહેર કરી.

– વોટ્સને તેની ટેસ્ટ કારકીર્દિમાં ૫૯ ટેસ્ટમાં ૩,૭૩૧ રન ફટકાર્યા અને ૭૫ વિકેટ ઝડપી છે.

– તેને કારકીર્દિનો સર્વોચ્ચ સ્કોર ૧૭૬ રન વર્ષે ૨૦૧૩માં ઇંગ્લેન્ડ સામે નોંધાવ્યો હતો.

**(૪) 'ઓબ્સ્ટ્રકિટંગ ધ ફિલ્ડ આઉટ' :–**

– તાજેતરમાં ઓસ્ટ્રેલિયા–ઇંગ્લેન્ડ વન ડે મેચમાં ઇંગ્લેન્ડ વન–ડે મેચમાં ઇંગ્લેન્ડના બેન સ્ટોક્સને 'ઓબ્સ્ટ્રકિટંગ ધ ફિલ્ડ' આઉટ આપવામાં આવ્યો હતો.

– આ સાથે તે વન–ડે ઇતિહાસમાં આવી અનોખી રીતે આઉટ થનારો ઇંગ્લેન્ડનો પ્રથમ અને વિશ્વનો છઠ્ઠો ખેલાડી બની ગયો હતો.

– પોતાના ચહેરાને બચાવવા સ્ટોકર્સે સ્ટમ્પ તરફના થ્રો પર બોલને અટકાવ્યો હતો અને આ જ કારણે તેને આઉટ જાહેર કરવામાં આવ્યો હતો.

**(૫) વિક્રમસિંહ જાડેજાની પાઘડીની સિધ્ધિઓને ઇન્ડિયન બુક ઓફ રેકોર્ડમાં સ્થાન**

– તાજેતરમાં જામનગરના નિવૃત્ત શિક્ષક વિક્રમસિંહ જાડેજાની સત્તાવીસ હજાર ઉપર ઉપરાંત જુદી જુદી વ્યક્તિઓને પાઘડી પહેરાવવાની સિધ્ધિને ઇન્ડિયન બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળયું.

– તાજેતરમાં યોજાયેલ ૧૫ ઓગષ્ટના જામજોધપુરમાં જિલ્લા કક્ષાના સ્વાતંત્ર દિન કાર્યક્રમમાં